અપીલ અરજી નં. (૧)

બી.બી. દેસાઈ
કાર્યપાલક ઈજનેર,
ડ્રેનેજ વિભાગ,
સુરત મહાનગરપાલિકા

ડીએનજી/આર.ટી.આઈ./આ.નં.૧૩
તા. ૦૫/૦૫/૨૦૨૩.

પ્રતિ,
શ્રી મો.ઈકબાલ શેખ,

સંદર્ભઃ– (૧) આપશ્રીની જાહેર માહિતી અધિકાર કાયદા હેઠળની આઈ.ડી.નં. ૨૫૩૪, તા.૦૭/૦૨/૨૦૨૩ ની મુળ અરજી બાબત.
(૨) અત્રેના ડીએનજી/ઈનવર્ડ નં. આર.ટી.આઈ./૦૨, તા.૧૩/૦૪/૨૦૨૩ થી પ્રાપ્ત થયેલ પ્રથમ અપીલ અરજી.

**મહાશયશ્રી,**

સવિનય આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી. નં. ૨૫૩૪, તા.૦૭/૦૨/૨૦૨૩ થી કરવામાં આવેલ મુળ અરજી અત્રેના ડીએનજી/ઈનવર્ડ નં. આર.ટી.આઈ./૦૨, તા.૧૩/૦૪/૨૦૨૩ થી પ્રાપ્ત થયેલ છે. જેના અનુસંધાને અત્રેના જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી, પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને ડીએનજી/આર.ટી.આઈ./આ.નં. ૧૦૮, તા.૦૧/૦૩/૨૦૨૩ થી જવાબ પાઠવવામાં આવેલ છે. ત્યારબાદ આપશ્રી ધ્વારા ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ, મધ્યસ્થ કચેરી ખાતે પ્રથમ અપીલ અરજી દાખલ કરવામાં આવેલ. જે તબદીલ થઈ અત્રેના ડ્રેનેજ વિભાગને ડીએનજી/ઈનવર્ડ નં. આર.ટી.આઈ.૦૨, તા.૧૩/૦૪/૨૦૨૩ થી પ્રાપ્ત થયેલ છે. જે અન્વયે જણાવવાનું કે, માહિતી અધિકાર અધિનિયમ કલમ ૬ (૩) હેઠળ માહિતી માટે વિનંતી કરતી અરજી તબદીલ કરવાની જોગવાઈ છે પરંતુ પ્રથમ અપીલ અરજી તબદીલ કરવાની કોઈ જોગવાઈ નથી. વધુમાં, મુળ અરજી તબદીલ કર્યા બાદ અરજદારશ્રીને લાગત સંબંધિત જાહેર માહિતી અધિકારી કોણ છે તેની જાણ તબદીલી પત્ર પરથી થઈ જતી હોય છે તથા માહિતી આપના પત્રમાં પણ જે–તે અપીલ અધિકારીના નામ–સરનામાની જાણ કરવામાં આવતી હોય છે. માટે જે–તે મુળ અરજીના અનુસંધાનમાં આગળની કાર્યવાહી અર્થે જે–તે સંબંધિત અપીલ અધિકારીનો જ સંપર્ક કરવાનો રહે છે. જે પ્રસ્તુત કિસ્સામાં થયેલ નથી. જેથી સદર પ્રથમ અપીલ અરજીના અનુસંધાનમાં અત્રેથી કોઈ કાર્યવાહી સંભવી શકે એમ નથી.

**(ભૈરવ દેસાઈ )**
**અપીલ અધિકારી અને કાર્યપાલક**
**ઈજનેર (ડ્રેનેજ)**
**સુરત મહાનગરપાલિકા**

ડ્રેનેજ વિભાગ, સુરત મહાનગરપાલિકા,
જુની વેસ્ટ ઝોન ઓફિસ, તાડવાડી,
રાંદેર રોડ, સુરત – ૩૯૫ ૦૦૯

☎ ૦૬૩૫૯૯૦૯૦૧૨
✉ exen@suratmunicipal.org
Visit us at www.suratmunicipal.gov.in

અપીલ અરજી નં. (૨)

બી.બી. દેસાઈ
કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ)
સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

પ્રથમ અપીલ અરજી નં. ૧૬/૧ થી ૩, તા.૨૦/૦૭/૨૩

અરજદારઃ– શ્રી પરિમલ એમ.કંસારા

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ઈલે.)(ડ્રેનેજ વિભાગ) તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (મીકે.) (ડ્રેનેજ વિભાગ)

**ફરીયાદીની હકીકતઃ–**

**વિષયઃ–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરિમલ એમ.કંસારાની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૧૪૦, તા.૧૯/૦૬/૨૦૨૩ અન્વયે અરજદાર મજકૂરશ્રીની પ્રથમ અપીલ અરજીની સુનાવણીના સંદર્ભે હુકમ બાબત.

**સંદર્ભઃ–**

૧ અરજદારશ્રીની તા.૧૯/૦૬/૨૩ ની આઈ ડી.નં. ૧૪૦(૩૦૦/૫૫૪૦૯) જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી), સુરત મહાનગરપાલિકાના પત્ર નં. સી./આર.ટી.આઈ.૧૪૦, તા.૨૨/૦૬/૨૩ થી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી(ડ્રેનેજ વિભાગ) ને તબદીલ કરેલ. જે અત્રેનાં વિભાગને DNG/IN/NO.14, DT.22/06/23 4 નાં રોજ મળેલ.

૨ અત્રેથી નમૂનો "ગ" મુજબ અરજદારશ્રીને સંદર્ભ(૧) હેઠળની અરજી અન્વયે પાઠવવામાં આવેલ જવાબ/માહિતી પ્રત્યુતર પત્રક્રમાંક નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૨૬, તા.૧૨/૦૬/૨૩

૩ અરજદારશ્રીએ તા.૨૦/૦૭/૨૩ થી પ્રથમ અપીલ સત્તાધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગને ઉદ્દેશીને કરેલ. જે અત્રેના વિભાગના પત્ર ક્રમાંક મદનળયદળદફઈ૧૬(૧)થી (૩), તા.૨૦/૦૭/૨૩ થી ઈનવર્ડમાં મળેલ.

૪ સંદર્ભ(૩) હેઠળની અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી , ડ્રેનેજ વિભાગનાં પત્ર ક્રમાક નં. ડ્રેનેજ આરટીઆઈ/જાવક/૩૦, તા.૦૩/૦૮/૨૩ નો અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(ઈલે.)શ્રી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(મીકે.) ને નિયત કરેલ સુનાવણી સમયે હાજર રહેવા અંગેનો પત્ર.

૫ તા.૦૮/૦૮/૨૩ નાં રોજ પ્રથમ અપીલની રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદાર મજકુરશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(ઈલે.)શ્રી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(મીકે.)ની મૌખિક તથા લેખિત રજુઆત અન્વયે રોજકામ.

ઉપરોકત વિષય હેઠળની ચતય બહત હેઠળ અરજદારશ્રી પરિમલ એમ.કંસારાની આઈ.ડી.૧૪૦, તા.૧૯/૦૬/૨૩ અંગે સંદર્ભ(૧) હેઠળના પત્રથી અરજદારશ્રીએ કરેલ આઈ.ડી.અરજી કે જે અત્રેના વિભાગને પત્ર DNG/IN/NO.14, DT.22/06/23 4 નાં રોજ મળેલ છે. જેમાં અરજદાર મજકુરશ્રીએ માહિતી મેળવવા માંગતી આઈ.ડી.અરજી તા.૧૯/૦૬/૨૩ માટે નિયત ફી રૂા.૨૦/– કોર્ટ ફી સ્ટેમ્પ થી જમા કરાવેલ છે.

સદરહુ આઈ.ડી.થી અરજદાર મજકુરશ્રીએ માંગેલ માહિતીના અનુસંધાને અત્રેના સંદર્ભ (૨) હેઠળના પત્રથી નિયત નમુનો– (ગ) માં અરજદારશ્રીએ માંગેલ માહિતીના મુદ્દા નં. ૧ થી૬ અત્રેના વિભાગને સ્પર્શતા હોય તે સંબંધિત અત્રેના વિભાગમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદાર મજકુરશ્રીને માહિતી પ્રત્યુતર આઈ.ડી. અરજીની તારીખથી ૨૪ માં દિવસે એટલે કે ૩૦ દિવસની નિયત સમયમર્યાદામાં અત્રેના વિભાગના પત્રક્રમાક નં.ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૨૬, તા.૧૨/૦૭/૨૩ થી પાઠવેલ પ્રત્યુતર જે નીચે મુજબ છે.

| અ.નં. | સવાલ | પૂર્તતા |
|---|---|---|
| ૧ | સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ કુલ કેટલા સુએઝ પમ્પીંગ સ્ટેશન હાલ કાર્યરત છે ? તે અંગેની વિગતવાર માહિતી દરેક ઝોન વાઈઝ પંપીંગ સ્ટેશનના સરનામા સહિતના અલગ અલગ આપશો. | આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે કુલ પાના નં.૧૧ ના પ્રતિ નંગ રૂા.૨/– લેખે રૂા.૨૨/– ભરપાઈ કરી અત્રે રસીદ રજુ કર્યેથી આપી શકાશે. |
| ૨ | સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ કુલ કેટલા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે ? તે અંગેની વિગતવાર માહિતી દરેક ઝોન વાઈઝ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં સરનામા સહિતની અલગ અલગ આપશો. | |
| ૩ | સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં હાલમાં કેટલા કામદારો પોતાની નોકરીની કામગીરી નિભાવી રહયા છે, તે અંગેની સંપુર્ણ વિગતવાર માહિતી વાયમેન, ફિટર, સફાઈ કામદાર તેમજ બેલદારની અલગ અલગ આપશો. | |
| ૪ | સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી કેટલા સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કોન્ટ્રાકટ પધ્ધતિ હેઠળ કોન્ટ્રાકટ ઉપર ચલાવવામાં આવેલ છે. તેની પણ સંપુર્ણ વિગતવાર માહિતી કોન્ટ્રાકટ ઉપર ચડાવવામાં આવેલ દરેક સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની અલગ અલગ આપશો. | |
| ૫ | સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી કયા કયા સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કયા વર્ષમાં કોન્ટ્રાકટ ઉપર ચલાવવામાં આવેલ તેની પણ સંપુર્ણ વિગતવાર માહિતીની નકલ સહિતીની માહિતી આપશો. | માંગ્યા મુજબની માહિતી હાલમાં આથી આપી શકાય તેમ નથી. |
| ૬ | સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ સુએઝ | |

| | | |
|---|---|---|
| | પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કોન્ટ્રાકટ પધ્ધતિ ઉપર ચડાવવા બાબતે કોઈ ઠરાવ અથવા પરિપત્ર બહાર પાડવામાં આવેલ હોય તો તેવા બહાર પાડવામાં આવેલ ઠરાવ તેમજ પરિપત્રની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. | |

અત્રેના વિભાગથી ઉકત વિગતે અરજદારશ્રીને સંદર્ભ(૨) હેઠળના પત્રથી પાઠવેલ માહિતીના અનુસંધાને તેઓને તા.૧૨/૦૭/૨૩ તી મળેલ પ્રત્યુતર માહિતી/નિર્ણયનાં સંદર્ભે અરજદારશ્રી નારાજ હોવાનું જણાવીને કલમ ૧૯(૧) હેઠળ અરજદારશ્રીએ પ્રથમ અપીલ તા.૨૦/૦૭/૨૩ થી અપીલ સત્તાધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગને ઉદ્દેશીને કરેલ છે. જે અત્રેના વિભાગને મદનળયદળદફઈ૧૬(૧)થી (૩), તા.૨૦/૦૭/૨૩ થી ઈનવર્ડમાં મળેલ.

અરજદારશ્રીએ તેઓની આઈ.ડી.અરજી નં.૧૪૦, તા.૧૯/૦૬/૨૩ થી કરેલ અરજી સંદર્ભે અપીલ અરજીમાં મુદ્દા નં. ૫ અને ૬ બાબતે આપવામાં આવેલ જવાબ કે " માંગ્યા મુજબની માહિતી હાલમાં અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ણર ન હોય આપી શકાય તેમ નથી. તેવો આપવામં આવેલ જવાબ માહિતી જાણી જોઈને છુપાવવાનાં પ્રયાસે આપવામાં આવેલ નથી. "  એમ જણાવેલ છે. સદર મુજની રજુઆત /ફરીયાદ અપીલ અરજીમાં જણાવી અસંતોષ / નારાજગી દર્શાવી થ અપીલ દાખલ કરેલ છે.

**અપીલની ટૂંકી વિગતઃ–**

મુદ્દા નં. ૫ સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી કયા કયા સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કયા વર્ષમાં કોન્ટ્રાકટ ઉપર ચલાવવામાં આવેલ તેની પણ સંપુર્ણ વિગતવાર માહિતીની નકલ સહિતીની માહિતી આપશો અને ૬ સુરત મહાનગપાલિકાના ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના તાબા હેઠળ સુએઝ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કોન્ટ્રાકટ પધ્ધતિ ઉપર ચડાવવા બાબતે કોઈ ઠરાવ અથવા પરિપત્ર બહાર પાડવામાં આવેલ હોય તો તેવા બહાર પાડવામાં આવેલ ઠરાવ તેમજ પરિપત્રની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો.

ઉપર જણાવેલ અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અપિલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(ડ્રેનેજ) ધ્વારા સંખર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(ઈલે.)શ્રી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(મીકે.) ને નિયત કરેલ તા.૦૮/૦૮/૨૩ નાં રોજ ૪:૦૦ (ચાર) કલાકે સુનાવણી સમયે હાજર રહેવા અને અરજદારશ્રીની આઈ.ડી. અરજી મળ્યેથી તેઓને પાઠવવામાં આવેલ માહિતી પ્રતયુતર સુધીનો અહેવાલ પાઠવવા પત્રથી જાણ કરેલ. જે અન્વયે અરજદારશ્રી તા.૦૮/૦૮/૨૩ નાં રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ નિયત સમય સાંજે ૪:૦૦ કલાકે હાજર રહયા હતા તેમજ સામાવાળા જાહેર માહિતી અધિકારીશ્રી કે.ટી.પટેલ અને જાહેર માહિતી અધિકારી શ્રી વિશાલ દલાલ નિયત સમયે રૂબરૂ હાજર રહયા હતા.

અરજદારશ્રી અત્રેની કચેરીએ અપીલની સુનાવણી હેતુ નિયત સમયે આવેલ અને તેમની સુનાવણી ક.૦૪:૧૫ મિનિટ સમયે શરૂ કરેલ જેમાં અરજદારશ્રીએ તેઓની આઈ.ડી.અરજીમાં મળેલ મુદ્દા નં. ૫ અને ૬ ની માહિતી સંદર્ભે નીચે મુજબ રજુઆત કરેલ.

(૧) અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણીમાં નીચે મુજબ રોજકામમાં લેખિત રજુઆત/સ્પષ્ટતા જણાવેલ.

(૨)જાહેર માહિતી અધિકારીશ્રીઓની લેખિત સ્પષ્ટતા નીચે મુજબ છે.

મુદા નં. ૫ માં માંગેલ મીહતીમાં કોઈ ચોકકસ સમય ગાળો દર્શાવેલ ન હોય, કોઈ માહિતી છુપાવવાનો ઈરાદો જ હતો અને મુદા નં. ૬ માં જણાવેલ પરિપત્ર અને ઠરાવ ઉપલબ્ધ નથી.

ઉકત પ્રમાણેની પૂર્તતા/સ્પષ્ટતા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(ઈલે.)શ્રી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(મીકે.) ધ્વારા કરવામાં આવેલ અને સુનાવણીની કાર્યવાહી પૂર્ણ થયેલ.

ઉપરોકત પુરામાં જણાવ્યા મુજબની બંને પક્ષની રેકર્ડ મુજબની વિગતો ધ્યાને લઈ હું અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(ડ્રેનેજ વિભાગ) નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**હુકમ**

અરજદારશ્રીની  મૂળ અરજી અપીલ અરજી અત્રેના વિગાગથી  પાઠવેલ ઉપલબ્ધ રેકર્ડની માહિતીની હકીકત તથા રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆત/સ્પષ્ટતાની તમામ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીનો  નિકાલ કરવામાં આવે છે. અરજદારશ્રી પરિમલ એમ. કંસારાની આઈ.ડી.નં.૧૪૦, તા.૧૯/૦૬/૨૩(કોમ્પ્યુટર નં.૩૦૦/૫૫૪૦૯) ની અરજી બાબતે તા.૦૮/૦૮/૨૩ નાં રોજ સાંજે ક.૪:૦૦ મિનિટ સમયે અત્રેની કચેરીએ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ અનેતે મુજબ નિયત સમયે અરજદારશ્રી હાજર રહયા હતા. અરજદારશ્રી પરિમલ એમ.કંસારા ની પ્રથમ અપીલ અરજી નં. ૧૬(૧) થી (૩) તા.૨૦/૦૭/૨૩ માં ઉપલબ્ધ કરેલ તેઓની આઈ.ડી.અરજી ૧૪૦, તા.૧૯/૦૬/૨૩(કોમ્પ્યુટર નં.૩૦૦/૫૫૪૦૯)માં માંગેલ માહિતી પૈકી મુદ્દા નં. ૫ અને ૬ ની માહિતીની વિગત પૂરી પાડવામાં આવેલ નથી અથવા તો યેન કે ન પ્રકારે માહિતી છુપાવવાનો પ્રયાસ કરેલ છે. જે બાબતે તા.૦૮/૦૮/૨૩ નાં રોજ તેઓની અપીલ અરજીની સદર નારાજગીની સુનાવણીમાં પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) એ અરજદારશ્રીને તેઓની આઈ.ડી. અરજીમાં મુદ્દા નં. ૫ અને ૬ ની માંગેલ માહિતીનાં પાઠવેલ માહિતી પ્રત્યુતર અન્વયે અરજદારની રૂબરૂ સુનાવણીની રજુઆતને ધ્યાને લેતાં મુદ્દા નં. ૫ માં માંગેલ ડ્રેનેજ વિગભાનાં તાબા હેઠળના સુએઝ પંમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી કયા કયા સુએઝ પંમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કયા વર્ષમાં કોન્ટ્રાકટ ઉપર ચડાવવામાં આવેલ અને કુલ કેટલા વર્ષ માટે તેની પાછલા ૧૦ વર્ષની માહિતી તેમજ ફાળવેલ વર્કઓર્ડરની નકલ વિનામૂલ્યે આપી, અરજદારશ્રી અપીલ અરજી દફતરે કરવા હુકમ કરુ છું.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય, તો હુકમ મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન રાજયકક્ષાની કચેરી, બ્લોક નં. ૧, બીજો માળ, નિમાર્ણ ભવનની પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણા તો, માહિતી અધિકારી અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, " કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર –૧૦ એ, ગાંધીનગર –૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છે.

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૩૨/૧
તા. ૧૦/૦૮/૨૦૨૩

બી.બી.દેસાઈ
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર(ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

**નકલ રવાનાઃ–**

(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી કે.ટી.પટેલ(ઈલે.) પ્રતિ, ........જાણ સારૂ.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..........................................જાણ સારૂ.

અપીલ અરજી નં. (૩)

**ભૈરવ બી. દેસાઈ**
**અપીલ અધિકારી**
**અને કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ)**

સુરત મહાનગરપાલિકા
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ
તાડવાડી,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૫

ડીએનજી/આર.ટી.આઈ./આ.નં. ૮૭
તા. ૧૪/૧૨/૨૦૨૩.

**પ્રતિ,**
**શ્રી તલ્હા ચાંદીવાલા,**

**આપશ્રી ધ્વારા તા.૦૬/૧૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.**

**મહોદયશ્રી,**

સવિનય આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા તા.૦૬/૧૨/૨૦૨૩ ના રોજ સેન્ટ્રલઝોન, સુરત ખાતે પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં. ૧૫૭૬, તા.૦૬/૧૨/૨૩) ક્રમાંક–૨૦૨૩૩૦૦૦૬૨,, તા.૦૬/૧૨/૨૩ દાખલ કરવામાં આવેલ. સદર પ્રથમ અપીલ અરજી તબદીલ થઈ અત્રેના વિભાગને ડીએનજી/આરટીઆઈ/ઈન નં. ૬૩, તા.૦૮/૧૨/૨૦૨૩ થી પ્રાપ્ત થયેલ. જેના અનુસંધાને જણાવવાનું કે, અત્રેના મંતવ્ય પ્રમાણે માહિતી અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૬ (૩) હેઠળ માહિતી માટે વિનંતી કરતી અરજી તબદીલ કરવાની જોગવાઈ છે. પરંતુ, પ્રથમ અપીલ અરજી તબદીલ કરવાની કોઈ જોગવાઈ નથી.

વધુમાં, મુળ અરજી તબદીલ કર્યા બાદ અરજદારશ્રીને લાગત સંબંધિત જાહેર માહિતી અધિકારી કોણ છે તેની જાણ તબદીલી પત્ર પરથી થઈ જતી હોય છે. માટે જે–તે મુળ અરજીના અનુસંધાનમાં આગળની કાર્યવાહી અર્થે જે–તે સંબંધિત ખાતા – વિભાગ / કચેરીનો જ સંપર્ક કરવાનો રહે છે.

જે–તે અપીલ અધિકારીએ જે–તે લાગત જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ / નહી અપાયેલ માહિતીના સંદર્ભમાં અપીલની કાર્યવાહી કરવાપાત્ર રહેતી હોય છે.

ઉપરોકત હકીકત હોય, સદર પ્રથમ અપીલ અરજીના અનુસંધાનમાં અત્રેથી કોઈ કાર્યવાહી શકય બની શકે એમ નથી.

**(ભૈરવ દેસાઈ )**
**અપીલ અધિકારી અને કાર્યપાલક**
**ઈજનેર (ડ્રેનેજ)**
**સુરત મહાનગરપાલિકા**

નકલ રવાનાઃ–જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલઝોન, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં. (૪)

સુરત મહાનગરપાલિકા,

૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી
રાંદેર રોડ,

સુરત – ૩૯૫ ૦૦૯

**અરજદાર:**– શ્રી ઈદરીશ હુશેન અબ્દુલહુસેન શેખ

**સામાવાળા :**– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી બી.એમ.દેસાઈ, શ્રી વી.એચ.વાઘેલા, શ્રી કે.ડી.મોદી, શ્રી જી.એમ.ડોંગા, જાહેર માહિતી અધિકારી ડે.એકાઉન્ટન્ટ શ્રી પ્રિતેશ જે.પટેલ

**ફરીયાદની હકીકત :**–

**વિષય :**– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદાર શ્રી ઈદરીશ હુશેન અબ્દુલ હુસેન શેખની આઈ.ડી.નં. ૨૫૨૦, તા.૦૬/૦૧/૨૦૨૪ની અરજી.

**સંદર્ભ :**–

(૧) અરજદારની તા.૦૬/૦૧/૨૦૨૪ ની મુળ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી પત્ર નં. ડ્રેનેજ/ આરટીઆઈ/આ./જા/૧૧૯, તા. ૦૩/૦૨/૨૪
(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી પત્ર નં. ડ્રેનેજ/ આરટી આઈ/આ./જા/૧૧૨, તા. ૨૫/૦૧/૨૪
(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી પત્ર નં. ડ્રેનેજ/ આરટી આઈ/ આ./જા/૧૧૪, તા. ૨૫/૦૧/૨૪
(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી પત્ર નં. ડ્રેનેજ/ આરટીઆઈ/ આ./જા/૧૦૪, તા. ૧૬/૦૧/૨૪
(૬) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/ આ. /જા/૧૧૦, તા. ૨૨/૦૧/૨૪
(૭) અરજદારની તા.૨૬/૦૨/૨૦૨૪ની પ્રથમ અપીલ અરજી.
(૮) અત્રેની કચેરીના પત્ર નં. ડ્રેનેજ /આર.ટી.આઈ./અપીલ/આ.નં./૧૪૧ તા.૧૮/૩/૨૪

આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીમાં જણાવ્યા મુજબ મુદ્દા નં. ૧ થી ૨ ની વિગતવાર માહિતી આપવા બાબત.

**અપીલનું કારણ :**–

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી ૩૦ દિવસની અંદર જવાબ મળેલ છે પરંતુ જવાબ આર.ટી.આઈ. ના કાયદા મુજબ ન હોય અપીલની જરૂરીયાત છે. એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારને સંદર્ભ –(૨) થી (૬) ધ્વારા આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ સંદર્ભ–(૭) મુજબ પ્રથમ અપીલ અરજી દાખલ કરવામાં આવેલ. જે અન્વયે અત્રેથી સંદર્ભ–(૮) હેઠળના પત્રથી અરજદાર તથા સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રીને રૂબરૂ રજુઆત માટે તા.૨૨/૦૩/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે બોલાવવામાં આવેલ પંરતુ અરજદાર સમયસર હાજર ન રહેતા તેઓને ફરીથી સદર દિવસે સાંજે ૫:૦૦ કલાકે બોલાવવામાં આવેલ હતા. જેમાં તમામ સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી અરજદાર તથા હાજર રહેલ હતા.

**અરજદાર તરફેની રજુઆત :**–

અરજદાર ધ્વારા નિરીક્ષણ દરમ્યાન માંગવામાં આવેલ માહિતી બાબતે (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી પાસેથી તા.૧/૪/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૩ સુધીના થયેલ ખર્ચના તમામ ડેટા ડીજીટલ આપવા અથવા હાર્ડકોપીમાં આપવા (૨) દરેક ઝોનમાં થયેલ મજુરી કામની માહિતી મેળવવા રજુઆત કરેલ છે. જે માહિતીની સ્પષ્ટતા કરવા રજુઆત કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી તરફેની રજુઆત :**–

માંગેલ માહિતીના મુદ્દાઓ અન્વયે " અપીલની કાર્યવાહીમાં થયેલ ચર્ચા મુજબ માંગેલ માહિતી અન્વયે સુચવેલ સમયગાળા દરમ્યાન એકાઉન્ટીગ સોફટવેરમાંથી નીકળતા સંબંધિત ખર્ચ જે માહિતી ઉપલબ્ધ હોય તે રેકર્ડ પુરો પાડવામાં આવશે." ની રજુઆત કરેલ છે.

**૭. રીમાર્કસ :**–

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(ડ્રેનેજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદાર તથા બંને પક્ષકારોને તા.૨૨/૦૩/૨૦૨૪ ના રોજ બોલાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી તથા જા.મા.અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી હાજર રહેલ હતા અને તેઓએ પોત પોતાના પક્ષો તરફેની રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની સંદર્ભ–(૧) હેઠળની અરજી આઈ.ડી.નં.૨૫૨૦, તા.૦૬/૦૧/૨૦૨૪ અન્વયે લાગુ મુદ્દાઓની માહિતી માટે સંદર્ભ–(૭) ની અપીલ અરજીના અનુસંધાને સંદર્ભ–(૮) હેઠળની સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર તથા જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી હાજર રહેલ હતા. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રીને અત્રેના ખાતાના રેકર્ડ પર ઉપલબ્ધ હોય તેવી માહિતી, માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ની કલમ ૭(૬) હેઠળ દિન –૧૦માં વિનામુલ્યે પુરી પાડી, અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવા હુકમ કરું છું.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર.ટી.આઈ. એકટ કાયદાની કલમ ૧૯(૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલના હુકમ દિન– ૯૦ માં નામદાર આયોગશ્રી ને બીજી અપીલ/ ફરીયાદ કરી શકે છે.

નં.ડ્રેનેજ/આર.ટી.આઈ./૧૪૩
તા.૩૦/૦૩/૨૦૨૪

(ભૈરવ બી. દેસાઈ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
(ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી બી.એમ.દેસાઈ, શ્રી વી.એચ.વાઘેલા, શ્રી કે.ડી.મોદી, શ્રી જી.એમ.ડોંગા, જાહેર માહિતી અધિકારી

ડે.એકાઉન્ટન્ટ શ્રી પ્રિતેશ જે.પટેલ પ્રતિ....જાણ તથા તાકીદે અમલ સારૂ.

(૨) સેકશન ઓફીસરશ્રી, ડ્રેનેજ વિભાગ પ્રતિ...જાણ સારૂ.

અપીલ અરજી નં.૫

ભૈરવ બી.દેસાઈ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

**અરજદાર:**– શ્રી મોહમદ રફીક અબ્દુલ રહેમાન હોટલવાલા
**સામાવાળા :**– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી વી.એચ.વાઘેલા
**ફરીયાદની હકીકત :–**

**વિષય :**– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદાર શ્રી મોહમદ રફીક અબ્દુલ રહેમાન હોટલવાલાની આઈ.ડી.નં.૧૦૭૮, તા.૨૭/૦૩/૨૦૨૪ ની અરજી.

**સંદર્ભ :–**

(૧) અરજદારની તા.૨૭/૦૩/૨૦૨૪ ની મુળ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/ આ./જા/૧૮, તા. ૨૦/૦૪/૨૦૨૪
(૩) અરજદારની તા.૨૫/૦૪/૨૪ ની પ્રથમ અપીલ અરજી.
(૪) અત્રેની કચેરીના પત્ર નં. ડ્રેનેજ /આર.ટી.આઈ./અપીલ/આ.નં./૨૧, તા.૦૨/૦૫/૨૦૨૪

આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીમાં જણાવ્યા મુજબની માહિતી આપવા બાબત.

**અપીલનું કારણ :–**

અરજદાર ધ્વારા (ક) નમુના–ક(નિયમ–૫(૧)(ક) રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના "ખ" કે "ગ" માં પ્રતિભાવ મળ્યો નથી.(૨) નિર્દિષ્ટ સમય ગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે.(નિયમ–૫(૧) (ખ)) જેની પુર્તતા અન્વયે અપીલની જરૂરીયાત છે. એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારને સંદર્ભ –(૨) ધ્વારા આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ સંદર્ભ–(૩) મુજબ પ્રથમ અપીલ અરજી દાખલ કરવામાં આવેલ. જે અન્વયે અત્રેથી સંદર્ભ–(૪) હેઠળના પત્રથી અરજદાર તથા સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને રૂબરૂ રજુઆત માટે તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦–૩૦ કલાકે બોલાવવામાં આવેલ. જેમાં અરજદાર તથા સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાજર રહેલ હતા.

**અરજદાર તરફેની રજુઆત :–**

અરજદાર ધ્વારા તા.૨૧/૩/૨૪ ના રોજના સેન્ટ્રલ ઝોન તરફથી મેઈન ડ્રેનેજ વિભાગને તા.૧/૩/૨૪ તથા તા.૧૪/૩/૨૪ ના રોજના પત્રોની નકલોની માંગણી કરેલ છે. જે નકલો આપવા રજુઆત કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી તરફેની રજુઆત :–**

માંગેલ માહિતીના મુદ્દાઓ અન્વયે " અપીલની કાર્યવાહીમાં થયેલ ચર્ચા મુજબ વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી. " ની રજુઆત કરેલ છે.

**૭. રીમાર્કસ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(ડ્રેનેજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદાર તથા બંને પક્ષકારોને તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજ બોલાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાજર રહેલ હતા અને તેઓએ પોત પોતાના પક્ષો તરફેની રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની સંદર્ભ–(૧) હેઠળની અરજી આઈ.ડી.નં.૧૦૭૮, તા.૨૭/૦૩/૨૦૨૪ અન્વયે લાગુ મુદ્દાઓની માહિતી માટે સંદર્ભ–(૩) ની અપીલ અરજીના અનુસંધાને સંદર્ભ–(૪) હેઠળની સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાજર રહેલ હતા. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને અત્રેના ખાતાના રેકર્ડ પર ઉપલબ્ધ હોય તેવી માહિતી / દસ્તાવેજો પુરા પાડવામાં આવેલ જ છે. જેથી વધુ કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી. જેથી અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવા હુકમ કરૂં છું.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર.ટી.આઈ. એકટ કાયદાની કલમ ૧૯(૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલના હુકમ દિન– ૯૦ માં નામદાર આયોગશ્રી ને બીજી અપીલ/ ફરીયાદ કરી શકો છો.

નં.ડ્રેનેજ/આર.ટી.આઈ./૨૬
તા.૧૫/૦૫/૨૦૨૪

(ભૈરવ બી. દેસાઈ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
ડ્રેનેજ વિભાગ
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ,**

(૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી વી.એચ.વાઘેલા પ્રતિ....જાણ સારૂ.

(૨) સેકશન ઓફીસરશ્રી, ડ્રેનેજ વિભાગ પ્રતિ...જાણ સારૂ.